# નડીઆદ મહાનગરપાલિકા

# બજેટ

# ૨૦૨૫-૨૬



## બજેટ હાઈલાઈટ્સ







# વિઝન ડોક્યુમેન્ટ

## નગર આયોજન અને સુદ્રઢીકરણ

- હયાત રોડ નેટવર્કને મજબૂત કરવું
- દાંડી માર્ગને આઇકોનીક રોડ તરીકે ડેવલપ કરવો.
- નવા ડામર / સીમેન્ટ રોડ બનાવવા. વ્હાઇટ ટોપીંગ રોડ બનાવવા.
- હયાત પાણી અને ગટરલાઇનને અપગ્રેડ કરવી.
- જરૂર મુજબ પાણી અને ગટર લાઇનનું નવું નેટવર્ક ઉભું કરવું
- હર ઘર જલ યોજના હેઠળ બાકી નેટવર્ક પૂરૂ કરવું.
- સ્ટ્રીટ લાઇટ નેટવર્ક અપગ્રેડ કરવું.
- સ્ટ્રીટ લાઇટ નવી નાખવી. માસ્ટ/ હાઇમાસ્ટ લાઇટ જરૂર હોય ત્યાં પૂરી પાડવી.
- રેલ્વે બ્રીજ સાથે નવા લીન્ક બ્રીજનું નિર્માણ.
- એક કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવું.
- એકઝીબીશન સેન્ટરનું નિર્માણ કરવું.



- એક પાર્ટી પ્લોટ બનાવવો.
- શહેરીજનો / વિદ્યાર્થીઓ માટે ઇ-સુવિધા સાથે લાયબ્રેરીનું નિર્માણ કરવું. તેમજ સિનીયર સીટીઝન માટે વાંચનકક્ષ બનાવવો.
- મહાનગરપાલિકા વિસ્તારમાં પાર્કીંગ માટેની જગ્યાઓ સુનિશ્ચિત કરી, પાર્કીંગ સ્થળ (મલ્ટી લેવલ પાર્કીંગ સહીત ) ઉભા કરવા તેમજ એક મોડેલ પાર્કીંગ સ્ટેશનમાં ઇ.વી.ચાર્જીંગ સ્ટેશનની સુવિધા ઉભી કરવી.
- ટ્રાફીક સરળતા માટે સ્માર્ટ ટ્રાફીક જંકશન બનાવવુ
- ટ્રાફીક લાઇટ નેટવર્ક અપડેટ કરવું.
- કોમર્શિયલ કોમ્પ્લેક્ષનું નિર્માણ કરવું.
- રેલ્વે પમ્પીંગ સ્ટેશન અપગ્રેડેશન

## પાણી નિકાલ

- વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા મજબૂત કરવી.
- કાંસ તેમજ પાણીના વહેણની જગ્યાઓની સફાઇ કરવી અને જરૂર જણાય ત્યાં પાણીના વહેણ માટે નાળાંઓનું નિર્માણ કરવું.

## કરમાળખું

- દરેક મિલકતને યુનીક કયુઆર કોડ આપી ટેક્ષ મેળવવાની વ્યવસ્થા સરળ કરવી.
- કારપેટ બેઇઝ આકારણી માટે સર્વે કરાવવો.
- તા.૧/૪/૨૦૨૬ થી નવું ટેક્ષ સ્ટ્રકચર નવી આકારણી સાથે અમલમાં મૂકવા માટે જરૂરી સોફટવેર મેળવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.
- તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૩/૨૦૨૬ સુધી ટેક્ષના દરોમાં કોઇ ફેરફાર કર્યા વગર જૂના દરે વેરાની વસુલાત કરવા નકકી કરવામાં આવ્યું છે.

## પર્યાવરણ જાળવણી અને જળવાયુ આબોહવાના પરિવર્તનો સામે સંરક્ષણ

- ઓફીસ બીલ્ડીંગમાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવો.
- સોલાર રૂફટોપ નાખવા.
- એનર્જી એફીસીયન્ટ મશીનરીનો ઉપયોગ કરવો.
- કન્સ્ટ્રકશન એકટીવીટીમાં રીસાઇકલડ અને લોકલી ઉપલબ્ધ મટીરીયલનો મહત્તમ ઉપયોગ કરવો.
- તળાવ, તળાવોની જાળવણી, સફાઇ, તળાવો ઇન્ટરલીન્ક કરવા, તળાવોની પ્રદુષણ સામે જાળવણી.
- તળાવોની સુંદરતામાં વધારો કરવો અને તળાવોના કાંઠે શહેરીજનો માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.
- જળ સંરક્ષણ માટે અદ્યતન ટેકનોલોજીથી વહી જતા પાણીને જમીનમાં ઉતારવું.
- પાણી શુધ્ધિકરણની વ્યવસ્થા.
- અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવું.
- બાયોડાયર્વસીટી પાર્ક અને પીકનીક સેન્ટર ઉભું કરવું.
- ઓકસીજન પાર્ક બનાવવો.
- મીયાવાકી પ્લાન્ટેશનથી વનીકરણમાં વધારો કરવો.



- ગ્રીન કેમ્પસ ડેવલપમેન્ટ માટે પોત્સાહન આપવું.
- નવા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે સર્વે કરાવવો.
- હયાત એસટીપી પ્લાન્ટ તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં અદ્યતન SCADA (Supervisory Control And Data Acquisition ) સીસ્ટમથી નિયંત્રણ કરવું.
- હયાત એસટીપી પ્લાન્ટની કાર્યક્ષમતા વધારવી તેમજ શુધ્ધ થયેલ પાણી સામાન્ય ભાવે ખેડૂતો / ઉદ્યોગોને આપવું.
- પ્રાકૃતિક કૃષિ અપનાવેલ હોય તેવા કૃષિ ખાતા મારફતે પ્રમાણિત ખેડૂતોને વિના મૂલ્યે એસ.ટી.પી. નું પાણી આપવું.
- તમામ કચેરીઓમાં વરસાદી પાણીને જમીનમાં ઉતારવાની સુવિધા ઉભી કરવી.
- વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું અપગ્રેડ/ કાર્યક્ષમતા વધારવી.
- પાણીની ગુણવત્તા નિયમન માટે લેબોરેટરી ઉભી કરવી.
- શહેરીજનોને ગુણવત્તાયુકત પાણી પૂરૂ પાડવું.
- સીએનજી અને ઇલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવું.



## ગાર્ડન ડેવલપમેન્ટ

- હયાત બગીચાઓનું અપગ્રેડેશન .
- પીજ રોડ ખાતેના હયાત વોક-વે નું અપગ્રેડેશન.
- પીજ રોડ ખાતે નવીન સાયકલ ટ્રેક અને ગાર્ડન ડેવલપમેન્ટ.
- સીનીયર સીટીઝન પાર્ક, વુમન પાર્ક, ચીલ્ડ્રન પાર્ક બનાવવો.

## સીટી મોબીલીટી પ્લાન

- હયાત સીટી બસ નેટવર્કને મજબૂત બનાવવું
- શહેરીજનો માટે સ્વસહાય જુથો મારફતે નાના ઇલેક્ટ્રીક વાહનોના સંચાલનની ફીડર સીસ્ટમ ઉભી કરવી.
- સીએનજી અને ઇલેક્ટ્રિક વાહનોને વાહનવેરામાં રાહત.



## નાગરીક સુવિધાઓ

- આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ ટેકનોલોજીની મદદથી એપ દ્વારા ફરીયાદ નિવારણ વ્યવસ્થા ઉભી કરવી.
- મહાનગરપાલિકાના તમામ પ્રકારના ટેક્ષ પેમેન્ટ, રજીસ્ટ્રેશન, બુકીંગ, જન્મમરણ પ્રમાણપત્રો, લગ્ન નોંધણી પ્રમાણપત્રો અને અરજીઓ ઓનલાઇન સ્વીકારવા માટે પ્લેટફોર્મ તૈયાર કરવું.
- મહાનગરપાલિકાની તમામ વોર્ડ કચેરી/ ઝોનલ કચેરી તેમજ મુખ્ય કચેરી ખાતે સીટી સવીક સેન્ટર ઉભા કરવા.
- સીટી ડેટા સેન્ટર અમલમાં લાવવું.
  - એ.આઇ, જી.આઇ.એસ., એમ.આઇ.એસ. ટેકનોલોજીના ઉપયોગથી શહેરીજનો સાથે ઝડપથી માહીતી પહોંચાડી શકાય તેમજ આવશ્યક સંજોગોમાં કોમ્યુનીકેશન માટે ઉપયોગી થશે.
  - સીસીટીવી નેટવર્ક અપગ્રેડ કરવું અને વિસ્તરણ કરવું.
- ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC ) સાથે ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર ઉભું કરવું.
- અર્બન નાઈટ શેલ્ટર (રેનબસેરા) અપગ્રેડ કરવું.



- ઓડીટોરીયમ અપગ્રેડ કરવું.
- નવી મહાનગરપાલિકા કચેરીનું નિર્માણ
- નવી બે ઝોનલ કચેરીઓનું નિર્માણ
- નવા બે ઝોન પૂર્વ અને પશ્ચિમનું અમલીકરણ
- નવી ૧૨ વહીવટી વોર્ડ કચેરીઓનું નિર્માણ
- નવા ભળેલા ૧૦ ગામોમાં સીટી સીવીક સેન્ટર શરૂ કરવા
- મહાનગરપાલિકાનું નવું વર્કશોપ , વર્કશોપ કચેરી

## દિવ્યાંગજનો માટે ખાસ સુવિધાઓનું નિર્માણ

- મહાનગરપાલિકાની તમામ કચેરીઓમાં રેમ્પ, ટોઇલેટસ અને વ્હીલચેર્સ ઉપલબ્ધ કરાવવી.
- સ્પોર્ટસ કોમ્પીટીશન માટે સહાય કરવી.
- ડેડીકેટેડ હેલ્પ ડેસ્ક રાખવા અને સલાહકારની નિયુકિત કરવી.

## આરોગ્ય વિષયક

- હયાત આરોગ્યમંદિર (વેલનેસ સેન્ટર) અપગ્રેડ કરવા.
- નવા બે યુ.એચ.સી. બનાવવા.
- નવા ચાર યોગા અને વેલનેસ સેન્ટર બનાવવા.
- શહેરના બાગ બગીચા / મહાનગરપાલિકા નકકી કરે તેવી જગ્યાએ યોગા એકટીવીટી માટે વિનામૂલ્યે સવલત પૂરી પાડવી.
- સિનીયર સીટીઝન / મહીલાઓ / બાળકો (દસ વર્ષ કે તેથી નીચેની વયના) માટે વાર્ષિક મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવું તેમજ આભા કાર્ડનું મહત્તમ કવરેજ કરાવવું.
- આંગણવાડીના બાળકોની નિયમિત આરોગ્ય તપાસણી મહાનગરપાલિકા વિસ્તારના યુ.એચ.સી. ઉપર વર્ષમાં બે વાર વિનામૂલ્યે કરવી તથા રસીકરણનો વ્યાપ વધારવો.
- પ્રીન્ટ / ઇલેકટ્રોનીક મીડીયાના પત્રકારો માટે માહીતી કચેરી મારફત વર્ષમાં એકવાર આરોગ્ય તપાસણી કરાવવી.
- મહાનગરપાલિકા વિસ્તારના યુ.એચ.સી. માટે NQAS ( National Quality Assurance Standards ) સર્ટીફીકેશન માટે પ્રયત્નો કરવા.

## રમતગમત સુવિધાઓ વધારવા અને અપગ્રેડેશન કરવા

- મહાનગરપાલિકા વિસ્તારમાં એક અત્યાધુનિક જીમ્નેશીયમ બનાવવું.
- હયાત સ્પોર્ટસ સંકુલની સુવિધાઓમાં વધારો કરવો. તેમજ સ્પોર્ટસ સંકુલની જાળવણી અને નિભાવણી કરવી.
- આગામી સમયમાં સ્પોર્ટસ સંકુલ ખાતે વોલીબોલ, બોકસ ક્રિકેટની સુવિધાઓ વધારવી.
- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત સંકુલ સુધી જવાના રોડનું નવનિર્માણ કરવું.
- યુથ સ્પોર્ટસ ફેસ્ટીવલનું આયોજન કરવું.
- દિવ્યાંગજનોની રમત ગમત સ્પર્ધાઓ માટે વિનામૂલ્યે સ્પોર્ટસ સંકુલની સુવિધાઓ આપવી.
- નેશનલ લેવલ / રાજય કક્ષાએ ચેમ્પીયનશીપમાં ૧ થી ૩ ક્રમાંક મેળવનાર મહાનગરપાલિકા વિસ્તારના રહીશ ખેલાડીઓને ૫૧,૦૦૦ ની પ્રોત્સાહન સહાય આપવી.
- મહાનગરપાલિકા વિસ્તારમાં પ્લે-ગ્રાઉન્ડ ડેવલપ કરવા.





## અર્બન લાઇવલીહુડ

- સ્વસહાય જૂથોને પ્રોત્સાહન આપવું અને નવા વધુ સ્વસહાય જૂથો બનાવવા .
- શેરી ફેરીયાનો સર્વે કરાવવો અને પી.એમ.સ્વનિધી યોજના હેઠળ આવરી લેવા.
- શેરી ફેરીયાઓ માટે જગ્યાઓ નિયત કરવી.
- શાકભાજી માર્કેટ ઉભું કરવું.
- શાકભાજીના છૂટક વિક્રેતાઓ માટે શાકભાજી માર્કેટ ઉભું કરવા માર્કેટ વ્યવસ્થા વિચારવી.

## શિક્ષણ વિષયક

- મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ આંગણવાડીઓ તેમજ શાળાઓ મહાનગરપાલિકા હસ્તક થયેથી તેના મકાનોનું અપગ્રેડેશન અને જાળવણી કરવી.
- આંગણવાડીના બાળકોને પોષણયુકત આહાર આપી, કુપોષિત બાળકોની સંખ્યા ઘટાડવા ખાસ કેમ્પેઇન કરવું.
- શાળાઓમાં સ્માર્ટ કલાસની સંખ્યા વધારવી.



## પશુલક્ષી બાબતો.

- રખડતા પશુઓને રાખવા માટે એનીમલ હોસ્ટેલ બનાવવાનું આયોજન કરવું
- રસ્તામાં / રખડતા મરી ગયેલા પશુઓ દાટવા માટે જગ્યા સુનિશ્ચિત કરવી.
- મહાનગરપાલિકા વિસ્તારના પશુઓ માટે RFID (Radio Frequency Identification) ટેગ લગાવવા.
- મહાનગરપાલિકા વિસ્તારમાં પશુઓ રાખતા માલિકોની નોધણી કરવી અને પશુત્રાસ નિવારણ માટે પોલીસી બનાવવી.
- મહાનગરપાલિકા વિસ્તાર માટે પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ માટેની પોલીસી અમલમાં મૂકવી.

## સાંસ્કૃતિક વારસો અને તેનું જતન

- મ્યુઝિયમ અને મેમોરીયલ સેન્ટર બનાવવું.
- સીટીના પ્રવેશ માર્ગ ઉપર હેરીટેજ પ્રવેશદ્વારબનાવવું.
- મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ખેતા તળાવ વાવ તથા અન્ય વાવનું રીનોવેશન કરવું.
- હેરીટેજ વોક માટે હેરીટેજ પાથ બનાવવો.
- સ્થાપના દિન ઉજવણી.



# મહાનગર સ્વચ્છતા

- મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ વિસ્તારોની ડોર ટુ ડોર કલેકશન હેઠળ આવરી લેવા.
- મુખ્ય રોડની સફાઇ માટે અલગ વ્યવસ્થા ઉભી કરવી.
- પ્લાસ્ટીક વેસ્ટ પ્રોસેસીંગ કરાવવું.
- હયાત ડમ્પીંગ સાઇટને અપગ્રેડ કરવી.
- C & D (Construction and Demolition) waste પ્રોસેસીંગ વ્યવસ્થા ઉભી કરવી.
- પબ્લીક ટોયલેટને અપગ્રેડ કરવા તેમજ ચાર એસ્પીરેશનલ ટોયલેટ નવા બનાવવા.
- બહેનો માટે બે '' નારી ગૌરવ (પીન્ક) '' ટોયલેટનું નિર્માણ કરવું.
- નવી ટોયલેટ સુવિધામાં ટ્રાન્સજેન્ડર અને દિવ્યાંગો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે.
- ગાર્ડન વેસ્ટને પ્રોસેસ કરી ખાતર બનાવવું.
- રહેણાંક સોસાયટીઓ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ વચ્ચે સ્વચ્છતા સ્પર્ધા કરાવવી. જેમાં વિજેતાનું રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રસંગે સન્માન કરવું.



## આવાસ યોજના

- નિમ્ન આવક ધરાવતા વર્ગ / ઝૂંપડપટ્ટી / મજૂર વર્ગ માટે એફોર્ડેબલ આવાસ યોજના હેઠળ પૂરા પાડવા ફીઝીબીલીટી સર્વે કરાવવો.

## ફાયરબ્રીગેડ

- નવું ફાયર સ્ટેશન બનાવવું.
- ફાયર માટેના નવા સાધનો ખરીદવા.
- ફાયર બ્રીગ્રેડના સાધનોમાં પાણી મેળવવા માટે વોટર વર્કસ ખાતે વ્યવસ્થાઓ ઉભી કરવી.

## નગર આયોજન

- મહાનગરપાલિકા વિસ્તાર માટે નવો ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવો.
- ટી.પી.સ્કીમ અમલીકરણ અને સરકારશ્રીમાં પરામર્શ અર્થે એક વર્ષમાં બે ટી.પી. તૈયાર કરી મોકલવી.
- ટીપી. સ્કીમ અંતર્ગત મળેલ પ્લોટ્સનું ફેન્સીંગ અને કંપાઉન્ડ વોલ કરવી.
- અમલમાં મૂકાયેલ ટીપી સ્કીમના મળેલ પ્લોટના કબજા લેવા.



| બજેટમાં આવરી લીધેલ મુખ્ય કામગીરી અને ફાળવેલ રકમ<br>897.17 કરોડ | | | |
|---|---|---|---|
| વિગત | રકમ (રૂ લાખમાં) | વિગત | રકમ (રૂ લાખમાં) |
| નગર આયોજન અને સુદ્રઢીકરણ | 32600.00 | શિક્ષણ વિષયક કામો | 930.00 |
| નાગરીક સુવિધાઓના કામો | 20100.00 | ગાર્ડન ડેવલપમેન્ટના કામો | 800.00 |
| સ્વચ્છતાના કામો | 8100.00 | ફાયરબ્રીગેડના કામો | 785.00 |
| પાણી નિકાલ | 4950.00 | પશુલક્ષી કામો | 580.00 |
| પર્યાવરણને લગતા કામો | 4050.00 | કરવેરાને લગતા કામો | 370.00 |
| આરોગ્યને લગતા કામો | 1775.00 | રમતગમતને લગતા કામો | 310.00 |
| સીટી મોબીલીટીના કામો | 1725.00 | અર્બન લાઇવલીહુડના કામો | 205.00 |
| સાંસ્કૃતિક વારસાના જતનને લગતા કામો | 1660.00 | આવાસ યોજનાના કામો | 150.00 |
| નગર આયોજનને લગતા કામો | 1125.00 | દિવ્યાંગજનો માટે ખાસ સુવિધાઓના કામો | 30.00 |






નડીઆદ હાઈસ્પીડ રેલવે સ્ટેશન


Information
Ticket Gate
Information


ૐ શ્રીસંતરામ સદ્ગુરૂ શરણંમમ
તમે જે પુણ્ય કાર્ય કરી રહ્યા છો
એ આ રીતે પાપમાં બની જાય છે
કુતરાના કારણે ચણ નાખશો નહિં.


હિન્દુ અનાથ આશ્રમ, નડિયાદ
મહાત્મા ગાંધી - સરદાર પટેલની આ પ્રતિમાનું અનાવરણ





